# પરીક્ષાનું પરિણામ ગમે ત્યારે અને ગમે તેટલીવાર સુધારવું એ વિદ્યાર્થીનો હક્ક છે.

શિક્ષણક્ષેત્રે વિદ્યાર્થીની ફરજ અભ્યાસ કરવાની છે અને વહીવટકર્તાઓની ફરજ વિદ્યાર્થી અભ્યાસ કરી શકે તે માટેની સવલતો ઊભી કરવાની છે. અહીં કેન્દ્ર સ્થાને વિદ્યાર્થી રહેવો જોઇએ. વિદ્યાર્થીની જરૂરિયાત મુજબની સવલતો ઊભી કરવાની છે, નહીં કે સવલતો મુજબ વિદ્યાર્થીએ અભ્યાસ કરવાનો છે. શૈક્ષણિક બાબતો કેન્દ્ર સ્થાને હોવી જોઇએ. શિક્ષણને પ્રાથમિક બાબત ગણવી જોઇએ, વહીવટને દ્વિતીય સ્થાને મૂકી શકાય. આમ છતાં વિદ્યાર્થીઓ અભ્યાસ સારી રીતે કરી શકે, શિક્ષણના હેતુઓ યોગ્ય રીતે પૂર્ણ થાય તે માટે યોગ્ય વહીવટ હશે તો જ તે શક્ય બનશે. તે રીતે જોતાં વહીવટનું સ્થાન ભલે દ્વિતીયકક્ષાએ હોય છતાં પણ તેનું મહત્ત્વઘટી જતું નથી. કાયદાની આંટીઘૂંટીઓ કે પૈસા બચાવવાની લાલચમાં શિક્ષણના ભોગે વહીવટી બાબતોને મહત્ત્વ અપાય તે હરગીઝ ન ચાલે. એકવીસમી અતિઆધુનિક સદીમાં પણ આપણે આવી ચિંતાઓ કરવી પડે તે આ સદીમાં આપણા માટે શરમજનક બાબત ગણી શકાય. તે માટે આજના વિદ્યાર્થીઓ ભવિષ્યમાં આપણને માફ નહીં કરે. આજે પણ અનેક વહીવટી માર્યાદાઓના પરિનામો વિદ્યાર્થીઓ બાપડા-બિચારા થઇને ભોગવતા જાય છે. જે એકવીસમી અતિઆધુનિક સદીમાં ઉજળા ગણાતાં શિક્ષણક્ષેત્રમાં કાળા ડાઘ બરાબર છે. આજે પણ વિદ્યાર્થીઓને વહીવટી બાબતો કે યોગ્ય નીતિના અભાવે ઘણું સહન કરવાનું આવે તેમની આ સહનતા જ તેમના વિકાસને અવરોધે છે. તેની ચર્ચા માટે અનેક ઉદાહરણો ચે, અહીં માત્ર એક જ ઉદાહરણ લઇને તેની છણાવટ કરીએ.

કોલેજકક્ષાએ વિદ્યાર્થીએ કોઇ  પરીક્ષા આપી, કોઇ કારણસર તેનૂં પરિણામ ઓછું આવ્યું. તેને પોતાની આવડતથી કે પરીક્ષાના પરિણામથી સંતોષ નથી. તેને પોતાની આવડત-કૌશલ્ય સુધારીને પરિણામ સુધારવું છે. આ માટે તેને ફરી પરીક્ષા આપવી છે...પણ બિચારા તે વિદ્યાર્થીને પોતાની આવડત સુધારવા માટેના દરવાજા યુનિવર્સિટીઓએ બંધ રાખ્યાં છે. તે ગમે તેટલાં માથાં પછાડે તો પણ તે આવા કોઇ દરવાજામાં પ્રવેશ કરી શકતો નથી.. પોતાનામાં પરિણામ સુધારવાની હિંમત અને તાલાવેલી હોવા છતાં પોતાને ન ગમતું આવેલ પરિણામ જે તેને મંજૂર નથી છતાં તેનો ભાર વિદ્યાર્થીએ આખી જિંદગી સુધી લઇને ફરવું પડે છે. સારું પરિણામ મેળવીને કંઇક સારો વિકાસ કરવાની તમન્ના યુનિવર્સિટીની આળસ અને આડોડાઇને કારણે તે ખોઇ બેસે છે. યુનિવર્સિટી તેને ત્યાં જ અટકાવી દે છે.

ખરેખર તો કોઇ વિદ્યાર્થીને પોતાના પરિણામથી અસંતોષ છે. તો તેને જે તે પરીક્ષા ફરીથી આપવાની છુટ હોવી જોઇએ. ભલેને તે દસવાર આપે આપણને શું વાંધો છે? પરીક્ષાની ફી તે ભરે છે, મહેનત તે કરે છે, સમયનો ભોગ તે આપે છે, તો તેને રોકવો તે વહીવટી અને માનવીય હિતોનું રક્ષણ કરનારની મર્યાદા જ ગણાય. કોઇ વિદ્યાર્થી વધુ એક-બે વર્ષ મહેનત કરીને પરીક્ષા આપીને સારું પરિણામ મેળવે તો તે તેના અને સમાજના હિતમાં જ છે. તે કેટલા પ્રયત્ને પાસ થાય છે તે અગત્યનું નથી, પણ પાસ થવા માટે જરૂરી જ્ઞાન-કૌશલ્ય તેનામાં આવ્યાં છે કે નહીં તે અગત્યનું છે. આવાં જ્ઞાન કૌશલ્યમાં કોઇ વિદ્યાર્થી વધારો કરવાનો પ્રયત્ન કરે તો તે

માટે તેને પ્રોત્સાહન આપવું જોઇએ, નહીં કે તેને અટકાવી દેવો જોઇએ. માટે જ કોઇપણ વિદ્યાર્થી તમે ત્યારે અને ગમે તેટલીવાર એકની એક પરીક્ષા આપીને પણ પોતાનું પરિણામ સુધારવા ઇચ્છતો હોય તો તે માટે તેને આવકાવો જોઇએ. આ માટે .ગુ.મા.શિ.બોર્ડે ગુજરાત રાજ્યમાં પહેલ કરીને સુધારો કર્યો છે જે અભિનંદન અને આવકારવાને પાત્ર છે. દર વર્ષે લાખો વિદ્યાર્થીની પરીક્ષા લેતું મા.શિ.બોર્ડ આવો સુધારો કરી શકતું હોય તો હજારો વિદ્યાર્થીઓની પરીક્ષા લેતી યુનિવર્સિટી આવો સુધારો ન કરી શકે તે યુનિવર્સિટીની મર્યાદા ગણાય અને નીતિ ઘડનારાની નિષ્ક્રિયતા ગણાય, કારણકે વિદ્યાર્થીના ભાવિ પર, વ્યવસાય મેળવવા માટે કે વધુ ઉચ્ચ અભ્યાસ કરવા માટે માધ્યમિકકક્ષા કરતાં કોલેજ કક્ષાનું મહત્ત્વ ઘણું ઘણું વધી જાય છે. ત્યારે કોલેજકક્ષાએ પરિણામં સુધારાની તક આપવાનું મહત્ત્વ પણ ઘણું ઘણું વધી જાય છે. આવા પ્રકારનો પ્રયત્ન જ્યાં સુધી કોલેજકક્ષાએ શરૂ નહીં થાય ત્યાં સુધી એવું માની શકાય કે કોલેજનો વહીંવટ કરનાર અને તે અંગેની નીતિઓ ઘડનારને વિદ્યાર્થી વધુ મહેનત કરીને, વધુ સમયનો ભોગ આપીને, આર્થિક સંકડામણ વેઠીને પણ પરિણામ સુધારે તે મંજૂર નથી. આવી સંકુચિતતામાંથી યુનિવર્સિટી અને સરકારે બહાર આવીને વિદ્યાર્થીને પોતાની રીતે પોતાની આવડત પ્રમાણે આગળ વધવાની સ્વતંત્રતા આપવી જોઇએ. એટલું જ નહીં તે માટે વિશેષ સગવડો પણ ઊભી કરી પ્રોત્સાહન પૂરું પાડવું જોઇએ. એક વાર આવેલ ખરાબ  પરિણામની સજા આખી જિંદગી સુધી વેઠવી તેનાં કરતાં વધુ એક વર્ષનો ભોગ આપીને પરિણામ સુધારવું તે વિદ્યાર્થી માટે અનેક રીતે ઉચ્ચ પ્રકારનો નિર્ણય ગણાય.આમપણ વિદ્યાર્થીના ભાવિને તેની આવડત અને શકિત મુજબ આગળ વધારવાની તકો ઊભી કરી આપવી તે યુનિવર્સિટીની પ્રાથમિક જવાબદારી છે. આ જવાબદારીને વહીવટી મર્યાદાને કારણે પૂરી ન કરવી તે યુનિવર્સિટીની અંચઇ ગણાય.. આશા રાખીએ કે  આવી તક કોલેજના વિદ્યાર્થીઓને ખુબ જ ઝડપથી મળતી થાય તે માટેની નીતિ ખુબ જ ઝડપથી બને, પરિણામે અનેક વિદ્યાર્થીઓ અંધકારના રસ્તેથી ઉજાશના રસ્તે વળીને પોતાના જીવનને વધુ સશક્ત બનાવે.નીતિ ઘડનારે એ બાબતોનો જ ખ્યાલ રાખવાનો ચે કે જે તે પરીક્ષા માટે જરૂરી જ્ઞાન અને કૌશલ્ય વિદ્યાર્થીમાં આવ્યાં છે કે નહીં, તે ક્યારે આવ્યાં ચે તે મહત્ત્વનું નથી. કોઇપણ વિદ્યાર્થીમાં જ્યારે પૂરતું જ્ઞાન ાને કઇંશલ્ય આવે ત્યારે તે પરીક્ષા આપીને પરિણામ મેળવશે. આવેલા પરિણામથી તેને સંતોષ ન હોય અને તે વધુ મહેનત કરીને પરિણામ સુધારવા માંગતો હોય તો તેને અટકાવવો તે ગૂનો બનવો જોઇએ. કોઇપણ વ્યક્તિના વિકાસને કોઇપણ વ્યક્તિને અટકાવવાનો અધિકાર નથી. આ સમજ યુનિવર્સિટી કક્ષાએ વિકસે તેવી આશા અરમાન સાથે ભગવાનને પ્રાર્થના.